

સેક્ટર-૬ અને ૭ નર્કાગાર જેવા જ ભાસે છે. બંને સેક્ટરોની ચોતરફ ઝુંપડાવાસીઓ અને ગંદકીના ઢગ છે. કંઈ કેટલાય મંત્રીઓ-અધિકારીઓની ઓફીસોમાં કંઈક કેટલીય ફરીયાદો કરવા છતાં, પરિણામ શૂન્ય..! નવીનીકરણ સ્વીકાર્ય જ છે સપનાં જોવા એ સારી બાબત છે, પરંતુ વાસ્તવિકતા આવી હોય તો સપનાઓ જોવા ભયાનક છે. (તસવીર : કશ્યપ નિમાવત)

### ચોરોએ દુકાનમાં ઘુસીને સીસીટીવી કેમેરા ઊંધા કરી નાંખ્યા હતા

# સે. ૭માં મોબાઈલ શોપનું શટર તોડી ૨૧ મોબાઈલની તસ્કરી

## ૧૭ નવા મોબાઈલ, ૪ રીપેરીંગમાં આવેલા મોબાઈલ અને ૬ ડેમો મોબાઈલ મળી ૪૦ હજારની મત્તાની ચોરી : બે શખ્સો દુકાનમાં સીસીટીવી કેમેરામાં કેદ

ગાંધીનગર, તા. ૫

શહેરના સેક્ટર-૭માં આવેલી મોબાઈલ સ્ટુડીયો નામની મોબાઈલ શોપમાં રાત્રી દરમ્યાન તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનના શટરને એક બાજુથી તોડીને અંદર પ્રવેશી નવા તથા રીપેરીંગ માટે આવેલા મોબાઈલ મળીને ૨૧ મોબાઈલ તથા ૬ ડેમો મોબાઈલ મળીને રૂ. ૪૦ હજારની મત્તાની મોબાઈલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

દુકાનના સીસીટીવી કેમેરામાં બે શખ્સો ચોરી કરતા કેદ થઈ ગયા છે. ચોરોએ કેમેરા ઉંધા કરી નાખ્યા હતા પરંતુ બે બીજા કેમેરા પણ હતા જે તેના ધ્યાને આવ્યા ન હતા. સે. ૭ પોલીસે દુકાનદારની ફરીયાદને




આધારે ગુનો નોંધીને ઉંડી તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૭ની શોપીંગમાં સ્થિત દુકાન નં. ૧૦ મોબાઈલ સ્ટુડીઓ નામની મોબાઈલ શોપમાં રાત્રીના અરસામાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો. દુકાનના શટરને એક બાજુથી તોડી અંદર પ્રવેશીને ૧૭ નંગ નવા મોબાઈલ અને ૪ રીપેરીંગમાં આવેલા મોબાઈલ ઉપાડી લીધા હતા. તસ્કરોએ બોક્ષમાંથી મોબાઈલ કાઢીને ચોરી કર્યા હતા. તે ઉપરાંત કંપની દ્વારા આપવામાં આવતા ડેમો મોબાઈલો પણ સાચા સમજીને ચોરોએ છ ડેમો મોબાઈલ ચોરી કર્યા હતા. કુલ મળીને રૂ. ૪૦,૩૦૦નો મુદ્દામાલ ચોરીને તે શખ્સો ભાગી ગયા હતા.

સે. ૭ પોલીસમથકમાં દુકાનદાર અફઝલ લાલભાઈ મનસુરીએ ફરીયાદ આપતા પીએસઆઈ વી.યુ. ગડરીયા તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને ગુનો નોંધી તપાસ આરંભી છે. દુકાનના સીસીટીવી તપાસતા બે શખ્સો કેમેરામાં કેદ થયેલા જોવા મળ્યા છે. બન્નેએ દુકાનમાં રાત્રે ૧૨ વાગે પ્રવેશ કર્યો હતો અને અંદર ઘુસીને પહેલા જ કેમેરા ઉંધા ફેરવી દીધા હતા, પરંતુ અન્ય બે કેમેરા પર તેમના ધ્યાન ન પડતા તેમાં બન્ને જણા કેદ થઈ ગયા છે. પોલીસે તેને આધારે તપાસ આરંભી છે.

## ચંદ્રાલા પાસે વાહનની અડફેટે બાઈકસવાર યુવાનનું મૃત્યુ

ગાંધીનગર તાલુકાના ચિલોડા-હિંમતનગર હાઈવે પર અજાણ્યા વાહનચાલકે બાઈકને ટક્કર મારતાં બાઈકસવાર ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. જેમાં એક વ્યક્તિનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું. ચિલોડા-હિંમતનગર હાઈવે પરથી બાઈક નં. જીજે-૬-એચ.ઈ.-૪૨૩૪ પર ત્રણ યુવાનો પસાર થઈ રહ્યા હતા. અજાણ્યા આઈસર ચાલકે ટક્કર મારતા બાઈક પર હિંમતનગર તરફ જઈ રહેલ શમશેરસિંગ અમરસિંગ, લલીબેન સોમસિંગ તથા મકાભાઈ ભવાનભાઈ કોળી (રાઠવા) તમામ રહે. દલપુર. હિંમતનગરને ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# ઉદ્યોગભવનમાં ૧૧ નવી લીફટો મુકવાનું કામ પૂર્ણ કરી દેવાયું

## માર્ચમાં પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થશે : ૬ કરોડના ખર્ચે અન્ય ૬ બ્લોકમાં પણ હવે નવી લીફટ નંખાશે

ગાંધીનગર, તા. ૫

ઉદ્યોગભવનના તોતિંગ બિલ્ડીંગમાં વિવિધ-૧૧ બ્લોકમાં લીફટ નાંખવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. આગામી માર્ચ સુધીમાં અન્ય ત્રણ બ્લોકમાં પણ નવી લીફટ લગાવી દેવાશે. જ્યારે અન્ય ૬ બ્લોકમાં પણ લીફટનું કામ હાથ ધરવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ચાલુ પ્રોજેક્ટ દરમિયાન આ કામગીરી વધુ મુશ્કેલીરૂપ બની છે.

ઘ-૪ નજીક સ્થિત ઉદ્યોગભવનના વિશાળકાય બિલ્ડીંગમાં લાંબા સમયથી લીફટ નાંખવાનું કામ ચાલી રહ્યું છે. જૂની લીફટ ખોટવાતા ભયજનક લીફટો બદલવા અંદાજે ૮ મહીના પૂર્વે કામગીરી શરૂ કરાઈ હતી. ઉદ્યોગભવનમાં નવી લીફટ નાંખવાના પ્રોજેક્ટ અન્વયે પ્રથમ તબક્કામાં ૧૪ લીફટ નવી મુકવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે આ પૈકી ૧૧ લીફટનું કામ પૂર્ણ કરી દેવાયું છે. બાકીના અન્ય ત્રણ બ્લોદમાં પણ આગામી માર્ચ મહીનાના અંત સુધીમાં કામગીરી પૂર્ણ કરી દેવાશે. પ્રથમ તબક્કાનું કામ ટુંકમાં પૂર્ણ થઈ જશે. અત્યારસુધી નવી લીફટ મુકવા પાછળ રૂ. ૫.૭૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે ભવનના બાકી રહેતા બ્લોકમાં પણ લીફટ બદલવાનું કામ પૂર્ણ કરવામાં આવશે. બીજા તબક્કાની કામગીરી અન્વયે બાકીના બ્લોકમાં ૬ નવી લીફટ મુકવામાં આવશે. જેની પાછળ અંદાજિત રૂ. ૩ કરોડનો ખર્ચ થશે. ઉદ્યોગભવનના બિલ્ડીંગમાં સ્થિત વિવિધ કચેરીઓને કોર્પોરેટ લૂક આપવા પણ જરરી કામ હાથ ધરાયું છે. જ્યારે મુલાકાતીઓ અને કર્મચારીઓની અવરજવર સરળ બનાવવા અદ્યતન લીફટો મુકવામાં આવી છે.

## આજે સે-૭/બી ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૫

ભાવનાબેન ગોકલાણીના મધુર કંઠે મા બહુચરનો આનંદનો ગરબો આજ રોજ ગુરુવાર બપોરે ૩.૦૦ કલાકે મહેશ્વરીબેન વ્યાસના નિવાસ સ્થાને પ્લોટ નં. ૫૮૩/૨, ઘ-૨ કોર્નર પટેલ પાર્લર પાછળ, સે-૭-બી ગાંધીનગર ખાતે રાખેલ છે. જેમાં મોટી સંખ્યામાં લાભ લેવા જાહેર જનતાને જણાવાયું છે.

# સે-૧ ઉના સીવીલ એન્જીનિયરને લીંબડી પોલીસ ઉઠાવી ગઈ...!

## અપરિણીત હોવાના ખોટા કેસ પુરાવા રજુ કરી એક યુવતી સાથે આર્ય સમાજમાં લગ્ન કરી લઈ બળાત્કાર ગુજાર્યો હતો : આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં !

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સે-૧ ઉમાં રહેતા સીવીલ એન્જીનીયર યુવાને એક યુવતીને પોતે પરિણીત હોવા છતા અપરિણીત હોવાનું કહીને ખોટા પુરાવા રજુ કરી આર્ય સમાજમાં લગ્ન કરી લીધા બાદ લીંબડીની એક હોટલમાં રોકાઈ બળાત્કાર ગુજાર્યો હોવાની પોલિસ ફરિયાદ નોંધાવા પામી હતી. આ પ્રકરણમાં સે-૧ ઉના યુવાને લીંબડી પોલીસે ઉઠાવીને તેની ધરપકડ કરી લીધી છે. હાલ આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે.

સેકટર-૧૩-બી, પ્લોટ નં. ૯૦૯/૨માં રહેતો સીવીલ એન્જીનયીર યુવાન કૃણાલ ઉમેશભાઈ ગાંધી પોતે પરિણીત છે તેમ છતાં એક નવસારીની યુવતીને પોતે અપરિણીત હોવાનું જણાવી વિશ્વાસમાં લીધી હતી. યુવતીને લગ્નની લાલચ આપીને ૧ જુલાઈ ૨૦૧૨ના રોજ કૃણાલ તે યુવતીને લઈને ચોટીલા ફરવા ગયો હતો. તે દરમિયાન ચોટીલા જતા રસ્તામાં લીંબડી પોલીસ સ્ટેશનની હદમાં આવેલી અવન્તિકા હોટલમાં તે બંને રોકાયા હતા અને મરજી વિરુધ્ધ શરીર સંબંધ માણ્યો હતો. ત્યાર બાદ બંનેએ વર્ષ ૨૦૧૩માં આર્ય સમાજમાં લગ્ન પણ કર્યા હતા. યુવતીને પછીથી જાણવા મળ્યું કે આર્ય સમાજમાં અપરિણીત હોવાનો રજુ કરેલો પુરાવો કૃણાલે ખોટો રજુ કર્યો હતો. કૃણાલના પહેલેથી જ લગ્ન થઈ ગયેલા હોવાનું ધ્યાને આવતા યુવતીએ રાજકોટ પોલીસને તેણીની સાથે થયેલા વિશ્વાસઘાત અને બળાત્કાર અંગે ફરિયાદ આપતા રાજકોટ પોલીસે ફરિયાદ લઈ બળાત્કારનો ગુનો લીંબડી પોલીસ સ્ટેશનની હદમાં બન્યો હોવાથી લીંબડી પોલીસને ગુનો ટ્રાન્સફર કર્યો હતો. લીંબડી પોલીસ મથકના પીએસઆઈ ઝાલાએ સે-૧ ઉમાં આવીને કૃણાલને ઝડપી પાડી તેની ધરપકડ કરી લીધી હતી. હાલ કૃણાલ જયુડીશીયલ કસ્ટડીમાં હોવાનું તપાસનીશ અધિકારી પીએસઆઈ ઝાલાએ જણાવ્યું છે.

## ગાંધીનગરમાં સાહિત્યિક પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા. ૯ ફેબ્રુઆરીના રોજ સાહિત્યિક પરિસંવાદ યોજવામાં આવશે. જેમાં વક્તાઓ અલગ-અલગ વિષય પર પોતાનું વક્તવ્ય આપશે.

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા શહેરમાં સે. ૧૬માં આવેલ બ્રહ્મભવન ખાતે સાહિત્યિક પરિસંવાદ યોજવામાં આવનાર છે. કાર્યક્રમનો શુભારંભ સવારે ૧૦.૦૦ કલાકે કરવામાં આવશે. જેમાં સૌ પ્રથમ વક્તા હેમાંગીની ઘુઘરાવાલા, સંસ્કૃત સાહિત્યમાં કાલીદાસનો પ્રભાવ વિષય પર વક્તવ્ય આપશે.

બીજી બેઠક દરમ્યાન ડૉ. બળવંત જાની, જનજીવન પર લોક સાહિત્યનો પ્રભાવ, વી.એસ. ગઢવી, મનુભાઈ પંચોલી 'દર્શક'નું સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે પ્રદાન તેમજ વિવિધ કવિઓ અને લેખકો દ્વારા કાવ્ય અને લઘુકાવ્ય પઠન કરવામાં આવશે.

# એસબીઆઈ બેંકના ગ્રાહકોને લાઈનમાં ઉભા રહેવામાંથી મુકિત મળશે : ૨૪ કલાક કાર્યરત મશીનનો પ્રારંભ

### ડેબીટ કાર્ડથી ૪૯,૯૦૦ જમા કરાવી શકાશે

ગાંધીનગર, તા.૫

બેંકીંગ ક્ષેત્રની અગ્રણી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પોતાના ગાંધીનગર શહેરના સેકટર-૧બી ખાતે આવેલી મુખ્ય શાખામાં ૨૪ કલાક કાર્યરત કેશ ડિપોઝીટ કમ ડેબીટ કાર્ડ દ્વારા એક સાથે રૂ. ૪૯,૯૦૦ જમા કરાવી શકશે. અને મશીનમાં રૂ. ૧૦૦૦, ૫૦૦ અને




ગ્રાહકોની સેવા માટે નવતર પહેલ કરી છે. બેંક દ્વારા સ્ટેટ બેંકની સે-૧૦બી ખાતે આવેલી મુખ્ય શાખામાં ૨૪ કલાક કાર્યરત કેશ ડિપોઝીટ મશીનનો આજ રોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના માધ્યમથી ગ્રાહકો પાસબુકમાં એન્ટ્રી અને ફંડ ટ્રાન્સફરનો લાભ પણ લઈ શકશે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પોતાના ગ્રાહકો માટે હંમેશા નવી નવી યોજનાઓ લાવતી હોય છે ત્યારે મશીનનો શુભારંભ આજથી કરવામાં આવ્યો હતો.

૨૪ કલાક કાર્યરત મશીનથી ગ્રાહકો હવે રજાના દિવસે પણ પોતાની લેવડ દેવડ કરી શકશે અને રજાના દિવસે પણ ગ્રાહકો લાભ લઈ શકશે અને પોતાની પાસબુકમાં એન્ટ્રી કરાવવા લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુકિત મળી શકશે.

ગ્રાહક પોતાના એ.ટી.એમ. ૧૦૦ના દરની ચલણી નોટો મશીન દ્વારા પોતાના ખાતામાં જમા કરાવી શકશે.

બેંક દ્વારા ચાલુ કરાયેલ ૨૪ કલાક કાર્યરત મશીન દ્વારા બેંકના કામકાજના દિવસોમાં ગ્રાહકોને પડતી તકલીફોનો અંત આવશે અને ગ્રાહક જરૂરીયાત પ્રમાણે આ મશીનનો ઉપયોગ કરી શકશે તેમ બેંકના રાજેશકુમાર મિશ્રા, કહુ ગાંગુલી તેમજ શ્રી પરમારે જણાવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩
સૂર્યાસ્ત : ૬.૧૫

## તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૫૦ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જયહો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૨.૪૫, ૬.૪૫
વન બાય ટુ : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જયહો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

જયહો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જયહો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જયહો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

જયહો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

**વૃષભ** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું.

**મિથુન** : મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ. મિત્રોથી વિશેષ લાભ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થઈ શકશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા.

**કન્યા** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ થવાની સંભાવના. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ.

**તુલા** : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : વિશેષ નિર્ણય દ્વારા ધન વૃદ્ધિ થવાની સંભાવના. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : સામાજિકક્ષેત્રોથી લાભ મળી શકશે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના.

**કુંભ** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન. જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિ થશે. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ.દ્રોપદીબેન રશિકરાય ત્રિવેદી (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૨૧૮/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.